ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગરને સમાન ફાળાની ગ્રાન્ટ ફાળવવા બાબત.
રૂ. ૧૦૦.૦૦ લાખ વર્ષ ૨૦૧૮-૧૯

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૦૩/ન.બા.૮/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૯/૦૫/૨૦૧૮

વંચાણમાં લીધાઃ-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૦/૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ.

(૨) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૧૪/૦૫/૧૮નો પત્ર ક્રમાંકઃ વિજાક/બો.નિ./૨૦૧૮-૧૯/૧૪૮-૧૪૯

ઠ રા વઃ-

ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વંચાણે લીધેલા ક્રમાંક (૧) માં દર્શાવેલ આ વિભાગની બજેટ શાખાના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવથી વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સમાન ફાળા ગ્રાન્ટ પેટે રૂ.૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. આ બજેટ જોગવાઇ મુજબની રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા.૧૪/૦૫/૨૦૧૮ના પત્રથી નિયામકશ્રી (વિ.જા.ક.), ગાંધીનગરે દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ.૧૦૦.૦૦ લાખ ( અંકે રૂપિયા સો લાખ પુરા )ની સમાન ફાળાની ગ્રાન્ટ ગુજરાત ગોપાલક વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજુરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મંજુર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

(૫) નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

૪. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃ બજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૭/૦૫/૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( આઇ.એમ.ઘાંચી )
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮